તક હંમેશા આકરી મહેનતના મુખાટોમાં આવે છે... એટલે જ મોટાભાગના લોકો તેને ઓળખી શકતા નથી
- સ્ટીફન કોવી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫ | ૨૬ માર્ચ, ૨૦૧૫, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કોલવડા આયુર્વેદ કોલેજમાં ૧૦૦ બેઠકો નિયત કરાશે

## ૧૫૫ કરોડના ખર્ચે સંકુલ તૈયાર : આગામી શૈક્ષણિક સત્રથી કોલેજ ચાલુ કરવા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે નિર્માણ પામેલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ આગામી શૈક્ષણિક સત્રથી કાર્યરત કરવાની દિશામાં તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આયુર્વેદ કોલેજમાં ૧૦૦ બેઠકોની મંજુરી માંગવામાં આવશે. આ માટે અલગથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગેની અરજી પણ ટૂંક સમયમાં કરી દેવાશે.

આગામી શૈક્ષણિક સત્રથી આ કોલેજનું સંકુલ કાર્યરત થઈ જાય તે માટે ભરતીનું પણ આયોજન કરી દેવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના સૂત્રોનું કહેવું છે કે કોલેજ અને હોસ્પિટલ માટે સાધન સામગ્રી ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરી તેમજ સ્ટાફની નિમણુંકની સાથે જ વહેલામાં વહેલી તકે તે કાર્યરત થાય તે જોવા તંત્ર આતુર છે.

રૂ. ૧૫૫.૬૨ કરોડના ખર્ચે આ હોસ્પિટલ કોલેજનું સંકુલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ કોલેજ હોસ્પિટલનું સંકુલ એ મોડેલ સંકુલ બનશે.

આ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં ૪૦૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. તેમજ ઓ.પી.ડી. માટે પણ સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

આ કોલેજમાં પી.જી.નો અભ્યાસક્રમ પણ ક્રમશઃ ચાલુ કરવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સુવિધાઓ અને સવલતો માટે ૨૦૧૫-૧૬નું નાણાંકીય વર્ષ વધુ મહત્વનું રહેશે તેમ જણાવતા તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે સાધન સામગ્રીની ખરીદીની સાથે સાથે સ્ટાફ અને ફર્નિચરની પણ ખરીદીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. આ માટે રાજયના અંદાજપત્રમાં સંપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.



ગરમીનો આકરો મિજાજ...

(તસવીર : દિપક જાની)

# ધોરણ-૧૨ની કોમ્પ્યુટરની પરીક્ષા પુનઃ લેવાશે

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કોમ્પ્યુટરના પેપરમાં બોર્ડનો છબરડો : આક્રોશ : પેપરમાં ૬૮ પ્રશ્નો અભ્યાસક્રમ બહારના : ૩૫ પ્રશ્નો અત્યંત અઘરા : બોર્ડ સમક્ષ રજૂઆત : મોડી સાંજે શિક્ષણ બોર્ડની તાકીદની બેઠકમાં નિર્ણય

અમદાવાદ, તા.૨૫

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની કોમ્પ્યુટર થિયરીના પ્રશ્નપત્રના જુના અભ્યાક્રમના પ્રશ્નો પુછાયા હોવાનું જાણવા મળ્યું હતું જેના પગલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાબડતોડ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ચર્ચાને અંતે આજના પ્રશ્નપ્રત્રમાં ૨૦થી વધુ પ્રશ્નો જુના અભ્યાસક્રમમાંથી પુછાયા હોવાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમજ વિદ્યાર્થીઓના હિતમાં આ વિષયની પરીક્ષા ફરીથી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટૂંક સમયમાં પરીક્ષાની તારીખની જાહેરાત કરવામાં આવશે. તેમજ જવાબદાર અધ્યાપકો સામે પગલા લેવાની પણ ખાતરી આપવામાં આવી છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાને લઈને આજે વિદ્યાર્થીઓ જોરદાર રીતે તૈયારીમાં હતા. કોમ્પ્યુટરની પરીક્ષા આજે લેવામાં આવી હતી પરંતુ છબરડાઓ સપાટી ઉપર આવ્યા હતા જેના પરિણામ સ્વરુપે આખરે બેઠક બાદ પરીક્ષા રદ કરાઈ હતી અને નવેસરથી પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો હતો.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષામાં કોમ્પ્યુટરના પેપરમાં બોર્ડનો છબરડો છતો થયો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. કોમ્પ્યૂટરના પેપરમાં ૬૫ પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પુછાયા હોવાનું સ્પષ્ટ થતા આ મામલે શિક્ષણ બોર્ડ સમક્ષ પણ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જો કે આ મામલે શિક્ષણ બોર્ડ દ્વારા આજે મોડી સાંજે તાકીદની બેઠક પણ બોલાવવામાં આવી હતી. કોમ્પ્યૂટરની પરીક્ષા પુનઃ લેવા પણ સક્રીય વિચારણા હાથ ધરવામાં આવી છે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના અંતિમ તબક્કામાં કોમ્પ્યૂટર વિષયના પેપરમાં એ-વિભાગમાં બોર્ડનો છબરડો છતો થયો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. પ્રશ્નપત્રમાં ૬૫ પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પુછાયા હતા જ્યારે આ પૈકી ૩૫ પ્રશ્નો વિદ્યાર્થીઓને અત્યંત અઘરા લાગ્યા હતા. વિદ્યાર્થીઓને અન્યાય થતો અટકાવવા આ મામલે શિક્ષણ બોર્ડના સચિવ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી. કોમ્પ્યૂટરના જટીલ પ્રશ્નપત્રના લીધે વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાતા આ વિષયની પરીક્ષા ફરીથી લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે શિક્ષણ બોર્ડ દ્વારા બુધવારે

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-ઓસ્ટ્રેલિયાના હાઈ વોલ્ટેજ મુકાબલાના પગલે ભારે ઉત્તેજના

## મેચ દરમ્યાન નગરના માર્ગો સુમસાન બનશે : ઓફિસોમાં રજા રાખી પરિવાર-મિત્રો સાથે મેચ માણવાના આયોજનો : ભારત જીતે તો ફટાકડાં-આતશબાજી-ઢોલ-નગારા-ડીજેની તૈયારીઓ : ઠેર ઠેર કથા-હવનનું આયોજન




ગાંધીનગર, તા. ૨૫

ટીમ ઈન્ડિયા માટે ફરી એકવાર વિશ્વ વિજેતા બનવામાં હવે માત્ર બે પગથિયા પાર કરવાના બાકી છે. તેમાં સૌથી પહેલુ પગથિયું ગુરૂવારે રમાનાર ઓસ્ટ્રેલિયા સામેની સેમી ફાઈનલ મેચ છે. સમગ્ર રાષ્ટ્ર સહિત ગાંધીનગરમાં પણ ભારત-ઓસી. મુકાબલા પર ક્રિકેટ રસિયાઓની ધડકનો અટકેલી છે. આ હાઈ વોલ્ટેજ ડ્રામા સમાન મેચને માણવા ક્રિકેટપ્રેમીઓએ ભારે તૈયારીઓ કરી છે અને નગરમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

જ્યાં જુઓ ત્યાં અત્યારે માત્ર ક્રિકેટની જ ચર્ચા થાય છે. પાનનો ગલ્લો કે ચાની કીટલીથી માંડીને સચિવાલય અને કંપનીઓની એરકન્ડિશન્ડ ઓફિસોમાં બધે લોકો વર્લ્ડકપની જ વાતો કરતા નજરે ચઢે છે. એક તરફ ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ જવાથી વાલીઓએ રાહતનો દમ લીધો અને લાંબા અભ્યાસક્રમમાંથી છુટ્યા બાદ વિદ્યાર્થીઓ આ મેચ માણવા ભારે આતુર બન્યા છે. અનેક ક્રિકેટ પ્રેમી કર્મચારીઓએ તો ઓફિસમાંથી યેનકેન બહાનું બતાવી રજા લઈ લીધી છે અને પારિવારિક માહોલમાં મેચને માણવાની પુરી તૈયારીઓ કરી લીધી છે. ગાંધીનગરમાં આમ પણ ગરમીનો પારો ઉપર ચઢવાથી ઘરની બહાર જવાનુ ટાળતા લોકો માટે તો આ મેચ થકી મજાનું બહાનુ મળી ગયું છે. વળી, ઘણા સિનેમા હોલમાં પણ મેચના પ્રસારણનું આયોજન કરાયું છે.

આવતીકાલે મેચ દરમ્યાન નગરના રસ્તાઓ સૂમસાન બનશે અને બજારોમાં પણ મોટા ભાગની દુકાનો બંધ રહે તેવા સંજોગો જણાઈ રહ્યા છે. ઘણી ઓફિસોમાં કર્મચારીઓએ સમૂહમાં મેચ જોવાના આયોજનો કર્યા છે. જેમાં મેચની સાથે ચા-નાસ્તા પાણીની જયાફતો પણ ઉડવાની છે. ક્રિકેટ રસિયાઓએ મિત્રો સાથે મેચ નિહાળવા ઉપરાંત જો ભારત જીતે તો ફટાકડાં ફોડવા, આતશબાજી કરવી, ડીજે, ઢોલ-નગારાંના તાલે નાચવાનું અને રેલી કાઢવી, મિઠાઈઓ વહેંચવા સુદ્ધાની તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. ટીમ ઈન્ડિયાના વર્લ્ડકપની લીગ મેચોમાં શાનદાર પરફોર્મન્સ

# કર્મચારીઓની ગેરહાજરી અને ગંદકીનું સામ્રાજ્ય જોઈ પદાધિકારીઓ ચોંકી ઉઠ્યા

## પંચાયતના પદાધિકારીઓ આજે જિલ્લા વિકાસ અધિકારી કડક કાર્યવાહી માટે ભલામણ કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓની ગુટલીબાજી જોઈ આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને કારોબારી સમિતિના નવનિયુક્ત ચેરમેન શ્રીમતિ ઉષાબેન પટેલ ચોંકી ઉઠ્યા હતા.

સાંજે ચાર વાગ્યાના સુમારે જિલ્લા પંચાયત પ્રમુખ અને ચેરમેન સંયુક્ત રીતે સંકુલના રાઉન્ડમાં નીકળ્યા હતા. આ રાઉન્ડ દરમ્યાન ૪૦ ટકાથી પણ વધુ કર્મચારીઓ તેમની જગ્યા પર જોવા મળ્યા ન હતા.

કર્મચારી-અધિકારીઓની ગેરહાજરી તેમજ ચેરમેનોની ચેમ્બરોમાં જે રીતે ગંદકીનું સામ્રાજ્ય જોયુ તેનાથી તો આ બન્ને પદાધિકારીઓ ચોંકી ઉઠ્યા એટલું જ નહિ આની ગંભીર નોંધ પણ જિલ્લા વિકાસ અધિકારીને મોકલવામાં નિર્ણય કર્યો છે.

જિલ્લા પંચાયતની દરેક શાખામાં કર્મચારીઓની આટલી મોટી ગેરહાજરીથી ચોંકી ઉઠેલા આ પદાધિકારીઓ કાલે સવારે જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું ગંભીર ધ્યાન દોરી આવા ગુટલીબાજો સામે શિસ્તભંગના પગલાં ભરવાનો આગ્રહ કરશે.

કચેરીઓમાં કર્મચારી અધિકારી હાજર નથી હોતા તેવી લોક ફરિયાદની ચકાસણી આજે જ થઈ આવી છે. આ બાબતને ગંભીરતાથી લઈ દરેક કચેરીમાં હવે વર્કશીટ અને મિટીંગ સહિતની દૈનિક કામગીરીનો અહેવાલ મેળવવામાં આવે તેવી કડક અને કડવી વાતો જિલ્લા વિકાસ અધિકારીને કરવા માટેની તૈયારીઓ કરી લીધી હોવાનું જાણવા મળેલ છે.

# સેક્ટર-૧માંથી સ્વાઈન ફ્લુના બે કેસ મળ્યા

## ૧૮૮ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૧માં રહેતા પરિવારના બે સભ્યોને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત પેથાપુર નગરપાલિકા વિસ્તારમાંથી પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળવા પામેલ છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં હવામાન પલટાયા બાદ પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવના ૩ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસોની સંખ્યા ૨૨૬ પર પહોંચી છે. આ પૈકી ગાંધીનગર શહેરમાં જ પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૬૦ થવા જાય છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર હજુ પણ નવ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૧૮૮ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# નાના અને સિમાંત ખેડૂતોને મળતી સહાયતામાં વધારો

અમદાવાદ, તા.૨૫

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના એક ઠરાવ મુજબ રાજયમાં ડાર્કઝોન સિવાયના વિસ્તારમાં અને ડાર્કઝોન વિસ્તારમાં સુક્ષ્મ સિંચાઈ અપનાવવા માંગતા બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના નાના અને સિમાંત ખેડુતો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વધુ પ્રાધાન્ય આપે તે માટે હાલમાં મળતી સહાયમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

પ્રવર્તમાન સબસીડીના ધોરણો અનુસાર ડાર્કઝોન સિવાયના વિસ્તારના બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડુતો માટે સબસીડી એકમ ખર્ચના ૫૦ ટકા સુધી અથવા ૬૦,૦૦૦ (પ્રતિ હેક્ટરે બે (૨) માંથી જે ઓછું હોય તે) જેમાં સુધારો કરીને એકમ ખર્ચના ૬૦ ટકા સુધી અથવા ૭૦,૦૦૦ (પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે) તેમજ ડાર્કઝોન વિસ્તારના બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડુતો માટે સબસીડી એકમ ખર્ચના ૬૦ ટકા સુધી અથવા ૭૦,૦૦૦ (પ્રતિ હેક્ટરે બેમાંથી જે ઓછું હોય તે) સબસીડી આપવામાં આવશે.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અદ્યતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬